# મીડિયા માટે

૧૬ મે ૨૦૧૪



લોકસભા ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓમાં શ્રી નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીને જે સંપૂર્ણ બહુમતી મળી તે ભારતીય લોકશાહીના ઈતિહાસમાં ૩૦ વર્ષ પછી બનેલી મહત્વપૂર્ણ ઘટના છે. ગુજરાતમાંથી ભારતના વડા પ્રધાન બનીને શ્રી નરેન્દ્ર મોદીએ ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવી દીધું છે. પોતાની અથાગ મહેનત, સ્પષ્ટ વિચારધારા, ગહન કર્તવ્યનિષ્ઠા અને દૂરંદેશીના આધારે તેઓ દેશને ઝડપી વિકાસના પાટે ચડાવશે.

શ્રી નરેન્દ્ર મોદીએ સાચા અર્થમાં પોતાને રાષ્ટ્રીય નેતા પ્રમાણિત કર્યા અને દુનિયાભરમાં પ્રતિષ્ઠા અર્જીત કરી. તેમના નેતૃત્વમાં નવી કેન્દ્ર સરકાર પાસે ઘણી આશાઓ રહેશે. સંતુલિત વિકાસ અને આખા દેશમાં વિકાસ મુખ્ય મુદ્દો છે. ગુજરાતના વિકાસનું મોડલ હવે દેશભરમાં લાગુ થશે. જી.ડી.પી. માં વૃદ્ધિ, દેશની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા, ભારતીય રૂપિયાની મજબૂતી, ઝડપી અને હિમ્મતભર્યા નિર્ણયો વિગેરેની આશા લોકો તેમની અને તેમની સરકાર પાસેથી રાખશે.

કાર્યદક્ષ સુશાસન તથા ઉદ્યોગ, કૃષિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને રોજગારના અવસરો ઊભા કરીને લોકોને આર્થિક રીતે સદ્ધર બનાવી મજબૂત રાષ્ટ્રનું નિર્માણ નવી સરકારના કાર્યમાં મુખ્ય બાબત રહેશે. શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં બી.જે.પી./એન.ડી.એ.ની નવી કેન્દ્ર સરકારે લોકોની આશાઓ અને આકાંક્ષાઓ પૂરી કરવાની રહેશે.

આવનારા દિવસોમાં આર્થિક વિકાસ દરને બે આંકડા સુધી પહોંચાડવાની દિશામાં ગતિ, મેન્યુફેક્ચરિંગ સેક્ટરને નવ-જીવન પ્રદાન કરવું, વધુ મૂડીરોકાણ આકર્ષિત કરવું તથા વિદેશી પ્રત્યક્ષ મૂડી રોકાણ વધારવું વિગેરે જેવી અપેક્ષાઓ લોકોને રહેશે. શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં પોતાના શાસન દરમ્યાન ગુજરાતને જે ગૌરવ અને પ્રતિષ્ઠા અપાવી તે જ ગૌરવ અને પ્રતિષ્ઠા તેઓ દેશને પણ અપાવશે તે નિશ્ચિત છે. આખો દેશ ઉત્સવના મુડમાં છે કારણ કે ભારતીય સંસદીય લોકશાહી હવે એક નવા યુગમાં પ્રવેશી રહી છે.

*પરિમલ નથવાણી*
સંસદ સભ્ય (રાજ્ય સભા) તથા
ગ્રુપ પ્રેસિડેન્ટ (કોર્પોરેટ અફેર્સ),
રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

★ ★ ★